 શ્રી

છપ્પના કાળની સુરત.

આર્યબંધુઓ;

લેખને વાંચશો તુરત, છપ્પના કાળની સુરત.

રચીને પ્રસિદ્ધ કરનાર,

સાંકળચંદ ગીરધરભાઇ ભાવશાર.

અને ૧૩૮૦

ગોવરધન બેહેચરભાઇ પંડિત.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

રેવાશંકર મોતીરામ મહેતા મુ. નારદીપુર.

નાથાલાલ મોતીરામ શોની મુ. નારદીપુર.

પોચાભાઇ લલ્લુભાઇ ભાવશાર મું. ના૦

સંવત ૧૯૫૬ દુષ્કાળ સને ૧૯૦૦.

અમદાવાદ.

ધી રાજનગર ટાઇપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ પ્રેસ.

કીંમત ૧ આનો.

અર્પણ પત્રિકા.

શ્રી.

ગામ નારદીપુર તાલુકે કલોલ, પ્રાંતકડીના રહેનાર. વિસનગરા, નાગર બ્રાહ્મણો વીગેરે. ક્ષત્રી, વૈશ. ને સૌદ્ર. ભક્તિ, દયાને દાતાર, પતીવ્રતા. તથા કામતી, સંતાણી, એવા ગુણી જાણીને આ લઘુપુસ્તક સર્વેને આપી અર્પણ કર્યું છે; તે માન્ય રાખશો;

લી૦ શેવક.

સાંકળચંદ ગીરધર.ભાઇ ભાવસાર.

અને

ગોવરધન ખેચરભાઈ, પંડિત.

મુ૦ નારદીપુર.

સહજ સુચનાને માટે

દોહરો.

દાટ વળજો, દુનિયાં વીશે, ઉઘડી પાપની ખાંણ;
મુંબાઇમાં મરકી તણી, ઘેર ઘેર છે મોકાંણ. ૧
પ્લેગરોગ પ્રગટ થઇ, વાપ્યો દેશો દેશ;
રંડાણી અબળા ઘણી, તજી શીરના કેશ. ૨
ભજી નહિ ભગવાનને, સજી ભોગવે ભોગ;
અનર્થ બેઠી આદરી, તેથી ચાલ્યો રોગ. ૩
અનર્થ આખા દેશનું, ડોલાવે દીગપાળ,
ધરણી લાગી ધ્રુજવા, ધ્રુજે શેષ પાતાળ. ૪
પીતા પુત્ર પતની તણી, એબ ન ધારે ઉર;
સસરા સંગે વહુ રમે, કહો કેટલી દુર. ૫
ભોજાઇ તો બહુ બહુ ભલી, વાણી વદી આચાર;
ગોટા ભાઇને ભોગવે, નાના ભાઇની નાર. ૬
બગની એ ભાવઠ ભલી, ભાગી ધરીને હામ;
જાર, રમાડી, બંદ્ધવે, લીધા ઝાઝા દામ. ૭
અનર્થ આથી શું કહું, કહું આ કાળો કેર;
શાણા મનમાં સમજજો, ઇશ્વિરે આણ્યું ઝેર. ૮

રામ નવમીનું દટંતર.

છપો.

દેવ કોપનો કોપ, જુઓ ઓગણીસો સંને,
આવ્યું દટંતર, રામ નવમીને દને.

અંધારૂ અપાર, કપટ, કોઇ દૈવે કરીયું;
સુજે નહિ તલભાર, ગામમાં ઘર પર ફરીયું. ૨

છેવટ સંધ્યાકાળની, વખતે આવીને ચાડી,
સાંકો કહે વાયુ થકી, બહુ વસમી આંધી ચડી. ૩

વાયુથી વેહેવાર, કાંકરા આવી વાગે;
છેવટ સંધ્યાકાળ, વખત બહુ વસમી લાગે. ૪
ગણોડીની રેલ પવનથી, વેગે ચાલે;
દુનિયામાં વાળી દાટ, પૃથવી પાતાળે ઘાલે. ૫
એવી વીની વીતસે, ચેતા પડેલી ચેતવણી;
સાંકો કહે છપ્પન માંહીં, અકૃપા ઇશ્વર તણી. ૬
ઇશ્વરે આણી ઝેર, વેર, કરીને, વશ કીધું;
અવનીમાં અપાર, દુઃખ દુનિયાંને દીધું. ૭
નજરે જોયો ખેલ, પલકમાં વરસ્યું પાણી;
રામ નવમીનું પર્વ, કીધું ધુળધાણી. ૮
દુઃખ દુઃખને દુઃખ છે, સુખ સોધ્યું નહિ જડે;
સાંકો કહે સંસારનું પરીણામ માઠું પડે. ૯

જાહેર ખબર.

આમેં બંધુઓ–મારી જુજ અરજને ટેકો આપી સદગુણ વીશે લક્ષ આપશો અને આ લઘુપુસ્તક વાંચી, સઘળી કુચાલને દુર કરી કરીના જપને જાપશો; એવીજ મારી આશા છે. ભુલ ચુક માફ કરશો.

સંવત. ૧૯૫૬ તા. ૯-૫-૧૯૦૦

ગ્રંથકારક, રચી પ્રસીદ્ધ કરનાર	છપાવી પ્રસીદ્ધ કરનાર.
શેવક.	**રેવાશંકર મોતીરામ મેહેતા**
સાંકળચંદ ગીરધરભાઇભાવસાર	મુ. નારદીપુર ઠે. ચબુતરાની સામે.
અને.	**નાથાલાલ મોતીરામ સોની**
ગોવરધન બેચરભાઇ પંડીત.	મુ. નારદીપુર ઠે. મેઢાવાડે.
મુ. નારદીપુર તાલુકે કલોલ; પ્રાંત	**પોચાભાઇ લલુભાઇ**
કડી. ઠેકાણું.	**ભાવસાર.**
મોટી ભાવસારવાડે નવા દરવાજામાં.	મુ. નારદીપુર ઠે. મોટી ભાવસારવાડે.

છપ્પનના કાળની સુરત.

રાગ-કલ્યાણ.

શ્રી સરસ્વતી, સુત માગે સુભ મતી,
સતી, અતી, કૃપા કરે; આ બાળની લતી. શ્રી સર-ટેક.
બાળતણી લત પુરી કરજે, ધરજે અરજી ઉર,
જશવંતી જીભ્યાએ વશી; રાખે બાળ હજુર. શ્રી. સરસ્વતી-૧
જેથી જસ ગાવાગાં જામે, સતી સુતનો સાર;
ખાંતીલાને ખરેખરો, તારો છે આધાર; શ્રી. સરસ્વતી-૨
તુજ આધારે કરૂં વિનંતી, ધરૂ ધ્યાન મંમાય;
જશવંતી જીભ્યાએ વશી સાંકાની કર સાય; શ્રી. સરસ્વતી-૩

રાગ-મારૂ.

સરસ્વતીજી કરજો સાય, ગુણ શેવક તારા ગાય; ટેક.

ગુણ ગાવાનું છે મન, ખાંતીલાને ખરૂં સાધન. સર-૧
ખરૂં સાધન છે, મા તારૂં, નથી એટલું ગજુ મારૂં. સર-૨
જેથી ગાવું હું જશ જેના, બેઠા રીસાઇને રંગ બેના. સર-૩
રંગ બેનાઓ, મેઘ રાય, લળી લાગુછું તમને પાય. સર-૪
કીધો છપ્પન સાલે રોષ, નથી તાંણુતા બાળદીયા કોશ. સર-૫
તમોવીના જરા નવ ચાલે, આખી દુનિયાં થઇ બેહાલે. સર-૬
ડગુ મગુ ડોલવા લાગી, કઇક ગાંમડાંતો ગયાં ભાગી. સર-૭
નથી રાખ્યો એકે ઉપાય, લળી લાગુછું તમને પાય. સર-૮
સોભાગ્યવંતી તજી શણુગાર, ઉંચુ જોઇને મેંણુમાર. સર-૯
શું નીરાંતવાળી સુતો, થયો વીજળીને વશ તુંતો. સર-૧૦
ગયો ઘોર અંધારૂ ઘાલી, કીધી વીજળીને બહુ વાલી. સર-૧૧
એમ કેહેતી સહું અબળાય, લળી લાગુછું તમને પાય. સર-૧૨
થયા છપ્પન સાલે કઠોર. બહુ બોલી રહ્યાં છે મોર. સર-૧૩
ઝીણા સ્વરથી તાંણે ધાંટો, તોએ વૃષ્ટીનો ન પડે છાંટો. સર-૧૪
કઠણ કર્મ તણો છે વાંક, સમુ કરતા હશો તમે કાંક સર-૧૫
સમુ કરવાને કીધો ઉપાય, લળી લાગુછું તમને પાય. સર-૧૬
હવે શું કરૂં ગુણને ગાઈ, તુટી નદીઓ નીર સુકાઇ. સર-૧૭
હંસ કુવા સરોવર માંહી, પાણી વીનાના ત્રાસ છે તાંહી, સર-૧૮
એવું અણઘટતું તે કીધું આખી દુનિયાંને દુઃખ દીધું. સર-૧૯
કીં [illegible]તણો મહીમાય, લળી લાગુછું તમને પાય. સર-૨૦

ગરબો ૧ પહેલો.

માતું પાવાની પટરાણી કે, કાળી દેવી કાળકારે લોલ.

એ રાગ.

છપ્પન સાલે વાગ્યો દાટ કે, જુગમાં જાણીઓરે લોલ,
દુનિયા દુર્બળ છે તે માટે કે, બજારે લુંટે વાણીઓરે લોલ. છ૦–ટે૦.
દુનિયાં દુર્બળ સઘળી જાણી, કરૂંછું વિનતીરે લોલ,
પ્રભુજી વરસાવોને પાણી કે, હવે બાકી નથીરે લોલ. છપ્પન–૧
વિપતી અતિ પડી આવાર કે, દુનિયાં શું કરેરે લોલ;
મારવાડી મહુતણો નહિપાર કે, ખાવા ટળવળેરે લોલ. છપ્પન ૨
ઉજડ થઇ નવ કોટી મારવાડ કે, રાંણો રહ્યો એકલોરે લોલ;
આવી ગુજરાતમાં કરી રાડ, માગે છે ટુકો રોટલોરે લોલ. છપ્પન ૩
ચત્રમાસુ વરસ્યું નહિ આવારકે, સહુજન થરથરેરે લોલ;
ઘેનો, ધરણી ઢળે અપારકે, ભેંશો, ભુખે મરેરે લોલ. છપ્પન ૪
રબારી, આહીર, ને ભરવાડકે, હવે તો શું કીજીએરે લોલ;
ગાયો, ભેંસો, તણી આ ધાડ, મોજન મુકી દીજીએરે લોલ. છ૦ ૫
રબારી, તો રૂવે કરી પોકારકે, ભવ દુઃખ ભાળીએરે લોલ;
છપ્પન સાલે પડીઓ કાળકે, વરસ ક્યાં ગાળીએરે લોલ. છપ્પન ૬
ભુક્ષી ગયા પર્વ તણા વશેકકે, રીસાઇ વીજળીરે લોલ;
નથી નથી તરણું ચરવા એક કે, ઘેનો ધરણી ઢળીરે લોલ. છપ્પન ૭
ઉજડ ધીધા મોંધા મહુડા વડ કે, રાંયણ લીંબડા રે લોલ;
કાપી કાપી રાખ્યાં છે એકલાં થડકે, ત્રાસછે તે ઘણારે લોલ. છપ્પન ૮
મોટા મોટા શાહુકારો ધરતા વેશ, ગરીબ ઘેર માગવારે લોલ;

ખાઈ તું ખાવા મુજને આપકે, મારે ખાવા નથીરે લોલ. છપ્પન. ૯
લેવું કરતા તારી કાજ કે, ઘર ઘંધા મુકીરે લોલ,
કામ તું ના આવે એ મેમ રાજકે, ટુકા લકીંઘું ઢુકીરે લોલ. છ૦ ૧૦
એમાં બળદો તણો સો દોશ કે, ખાવા ખુટીગાંરે લોલ;
ખાવા પાંદડાં તાંણવા કોસકે, ચામડાં તુટીઆંરે લોલ. છપ્પન. ૧૧
ખાતાપીતા કરતા લહેર, ખેડુતને આંગણેરે લોલ;
વાળ્યું કોયા જનમનું વેર, પ્રભુજી આ ટાંકણેરે લોલ. છપ્પન. ૧૨
મોંઘવારી ભારી થઇ આવારકે, અન્ન ઉત્તમ થયુંરે લોલ.
ચોખા હલવાના આવ્યા અપારકે, સુખ તેને થયુંરે લોલ. છપ્પન. ૧૩
ગુન બારાનો એ પાક કે, જબલપુર જાણીયુંરે લોલ:
પૃથવીમાં, ગાડી ચડાવી ચાક કે અન્ન બહુ તાંણીયુંરે લોલ. છપ્પન. ૧૪
ધરમી રાજા, ધરમી શેઠ કે, દુરીજન દેખતાંરે લોલ:
કાપી ગૌ માતાની વેઠ કે, નજરે દેખતાંરે લોલ. છપ્પન. ૧૫
કાપી ગરીબો ઉપર બહુવાર કે, ધરમમાં જાણતાંરે લોલ;
અતી થયો ઢોરતણો સંહાર કે, ચાંગડીઆ થાક્યા તાંણતાંરે
લોલ. છપ્પન. ૧૬
ઉતપાત અતી થયો આવાર કે, નાંણાં કેરી આંચમાંરે લોલ;
ભાગી ગયા મોટા મોટા શાહુકાર કે, ગરીબ પડ્યા ઘાંચમાંરે
લોલ. છપ્પન. ૧૭

એમ કહી મુક્યાં છે સદાવ્રત કે, હવે નથી પોચતુંરે લોલ;
સઇકો ઓગણીસેં કહુંછું વ્રતકે ઘન, રેહેવું સાંચવુંરે લોલ. છપ્પન. ૧૮
વિપતિ અતી જોઇ નવ જાય કે, હવે તો શું થશેરે લોલ;
નદી તીરના લોકો ઉચાળા લેઇ જાય કે, કરમમાં એમ હશેરે લોલ. છપ્પન ૧૯

રખડતા ફરિયા ગામોગામ લોક, કહે છે બહુ ભાટકમારે લોલ;
મારવાડી, બહુ મુકે છે પોક કે, થયા બહુ કાટકારે લોલ. છપ્પન. ૨૦
તેથી ના આવ્યો વરસાદ કે, છપ્પન સાલમાંરે લોલ;
દુનિયાં કેમ રહે આબાદ કે, થઇ ગે હાલમાંરે લોલ. છપ્પન. ૨૧
આવી વિપત્ત પડી અપાર કે, પોગળ નીકળ્યાંરે લોલ;
કઇંક મુઆ છે પરણી નાર કે, પાગ આવી મળ્યાંરે લોલ. છપ્પન. ૨૨
લાગે ધાડાંની બહુ બીક કે, માસ અશાડમાંરે લોલ;
કીધું શ્રાવણ માસે ઠીક કે, ગાર્યં પછાડમાંરે લોલ. છપ્પન. ૨૩
સાહુકારે સજ્જ કર્યાં હથીયાર કે, લાકડીઓ લોઢે જડારે લોલ;
બંદુક, બરછી, ને તલવાર કે, લે નજરે પડારે લોલ. છપ્પન. ૨૪
ગુપ્તી, ઘાલી કટારી કેડ કે, કાંમઠીઓ શોભતારે લોલ;
સરકારે કોયાની બહુ હેડ કે, ચોરો પુર્યા છે આતીરે લોલ. છપ્પન. ૨૫
ઝાલ્યા નાથી સઘળા નાક કે, ઘાલ્યા જેલમાંરે લોલ;
સરકારે પાડી એવી હાક કે પકડ્યા સહેલમાંરે લોલ. છપ્પન. ૨૬
કોળી સઘળા કરે પોકાર કે મહેનત કીજીએરે લોલ;
બાવળીઆ કાંસ તણા અપાર કે, અમને દીજીએરે લોલ. છપ્પન. ૨૭
રાંમરાજ થયું તે વાર કે, બીક સઘળી ગઇરે લોલ;
તળાવો ખોદાવ્યાં અપાર કે, મંજુરી થઇરે લોલ. છપ્પન. ૨૮
વીરડા ખોદી કીધી ચાંચો કે, તળાવોની માંહીરે લોલ;
સરકારે જાણ્યું ના આવે આંચ કે, રઇયત તો રહીરે લોલ. છપ્પન. ૨૯
ગરીબે કીધા એ ઉપાય કે, મહેનત તો મળીરે લોલ;
વાવી જાર તે પાધર માંય કે, રવિઓ રહી લળીરે લોલ; છપ્પન. ૩૦
એવા અનેક કીધા ઉપાય કે, છપ્પન સાલમાંરે લોલ;

ગાયો ભેંશો, મફત વેચાય કે, થઇ બેહાલમાંરે લોલ. છપ્પન. ૩૧
વરણુન કરતાં ના આવે પાર કે, છપ્પન સાલનુંરે લોલ;
વરત્યો જુગમાં હાહાકાર કે, કલપ આકાળનુંરે લોલ. છપ્પન. ૩૨
રઠયો રંકો ઉપર રામ કે, ભુખ્યા બહુ ભમેરે લોલ;
ટુંકી અરજ કરૂં આ ઠાંમ કે, તમને એમ ગમેરે લોલ. છપ્પન. ૩૩
ખાવા માટે કરે ઉપાય કે, બહુ બહુ ટળવળેરે લોલ;
થાળીઓ, બેડાં વેચવા જાય કે, લેનાર ના મળેરે લોલ. છપ્પન. ૩૪
સોનું રૂપુ ઘડેલા ઘાટ કે, લેઇને બહુ ભમેરે લોલ;
નાંણું ના મળે કોઇને હાટ કે, શું કરવું આ સમેરે લોલ. છપ્પન. ૩૫
ટુંકી અરજ કરૂં આવાર કે. તમ સરણે રહીરે લોલ;
ઇશ્વિરા, ગ્નાતી છું ભાવસાર કે, નારદીપુરમાંહીરે લોલ. છપ્પન. ૩૬
સાંકો કરગરી કહે છેક કે, અરજ ઉર ધારશોરે લોલ;
ઇશ્વિરા મુકી મનની ટેક કે, પાર ઉતારશોરે લોલ. છપ્પન. ૩૭

રાગ ધીરાના પદનો.

શું કરવા સુધારીરે, શોભા કીધી બહુ બડી;
માળી મુગ્ગો નાઠોરે, શીંચીવાડી મુકી પડી. શું. ક. ટેક.
શોભા વધારી કીધી અલોકી, વણ શીંચી સુકાય;
કમળાના સ્વામી કીએ ઠેકાણે ઠરીયા,
માળી રીસાણો મેઘ રાય મેહેર કરી મનાવોરે
કાળ પડયો છે કરી હડી. શું. ક. ૧
કાળ પડેલો ક્રોધ કરીને, હરી, હત્યારો એહ;
વૃક્ષ ખીલેલાં નાંખે છે મરડી, કરડી નજરનો તેહ,
માર વીનાનો માલેરે, ગૌમાતાને નાંખી ઘડી. શું. ક. ૨
છોડ સમુળા છેદન કરતો, ડરતો નથી એ લગાર;

મોહ, મદીરા માટીના પઇસા, આવી નડયા આવાર,
ઉંચ, નીચ,માં બળીઆરે, કર્મ કળાઓ થઇ છે ખડી. શું કર-૩
જાર કર્મ જોરાવર જાગ્યું, ભાગ્યું ભવીશ આવાર;
નાનો વરને મોટી કન્યા, સસરાથી રમતી જાર;
બાર, સમુળો ખોઇરે, ફરતા સઉજન ચાકે ચડી, શું કર-૪
ચાકે ચડાવી મેદની બાધી પાપી પ્રગટ થઈ;
ઢોંગી ધુતારા જારી ઝાઝા સાંકો કહે છપ્પન મળી.
પાપ મજેલાં પુરાંરે, સપ્ત ગૃહોમાં નાંખ્યા ઘડી. શુ કર-૫

રાગ બનજારો.

છપ્પનમાં વાળ્યો દાટે, પ્રભુ કેમ મુકયો ઉચાટે
પ્રભુ કેમ મુકયો ઉચાટે, છપ્પનમાં વાળ્યો દાટે.
દુનિયાં દુરબળ તે માટે. છ૦ ટેક
દુરબળ દુનિયાં આ જાણી; પ્રભુ વરસાવોને પાંણી.
લો પાંણી છે રીર સાટે. છ૦ ૧
લો પાંણી દુનિયાં આજે, પ્રભુ મેઘલીઓ જો ગાજે.
તો તો રેહશે સઉ ઘાટે. છ૦ ૨
દુઃખ દુનિયામાં છે ઝાઝુ, દેખી બળેવ દીન હું દાઝુ.
પ્રભુ વૃષ્ટી નથી તે માટે. છ૦ ૩
સઈકો છે ઓગણીસ સાર, દુઃખી દુનીયાં કરે પોકાર;
ગૌ માતા કેરે ઘાટે. છ૦ ૪
નથી તરણું એકે ચરવા, અફમાતા બેઠાં મરવા.
શું વાર કરોછો વાટે. છ૦ ૫
બહુ બળદો તણોછે ત્રાસ, ખેડુતે ખોયા શ્વાસ.
શું સઉને લખ્યો લેલાટે. છ૦ ૬

હવે ઉઠો તતપર થઇને, સાથે લાંબા વીજળી ગ્રહીને.
શું બેશી રહ્યા એ ઠાટ. હ૦ ૭
બહુ ત્રાસ રહ્યો વરતાઇ નથી સીદ્ધ જગતની માંહી.
આવોતો રક્ષણ માટે. હ૦ ૮
જદુનાથ ઝુરીને મરીએ, રાંકાની અરજ ઉર ધરીએ.
સુખ કરશો એકી ઝપાટે. હ૦ ૯

ગરબો.

સમજીર હરીએ ફરીએ ફુદડી. આ બરબોલમાંરે એ રાગ.

સંવત, ઓગણીસ, છપ્પન કાળ પડી કાયા કર્યારે
સૌને સાથે ફેંક્યા દુઃખ દરીયાની માંહ;
કોપ્યો કેર અનેક આહવી છપ્પન સાલમાંરે. ટેક
સાખી—ચોમાસુ ચાલી ગયું ખાલી વાયું વાગ;
દરીઆણુ નામે નહિ, બોમી ખાતા, ધાગ.
દીસે અંધારીને રાખે ઘનઘોરમાંરે.
રાત્રે તારા કાઢી અકળાવે બહુ જીવ. કોપ્યો ૧
સાખી—વાદળ તો આવી અડે, બોમી ફેરી પાસ;
જાણે હાલ તુટી પડે ને ઉગે ઝાઝુ ઘાસ,
એવા દીલાસા દે પણ છાંટા પડે નહિરે;
તેથી વરત્યો આખી દુનિયામાં બહુ ત્રાસ. કોપ્યો ૨
સાખી—ઢોર તણો બહુ ત્રાસજે, નજરે જોયો નવ જાય;
એક લાઇને ઉભાં કરી, પીલે સંચા માંય,
અમદાવાદે આવી સંચો એ પ્રકાશીઓરે;
માટે માજન લોકોએ માંડી ફરીયાદ. કોપ્યો ૩
સાખી—થરથર ધ્રુજે માનવી, ઘેર ઘેર થઇ હેરાન;
દૈવકોપ કે શું હશે, અકળાણો હીંદુસ્તાન,

કરે છે કમળાના સ્વામીજીને, સઉ વીનતીરે;
દુર્બળ દુનિયાં પરશું બેઠાં માંડી તોપ. કીધો. ૪

લલીત.

અરરર ઓ પ્રભુ શું હવે થશે, વરસકાળનું શીરીતે જશે:
જેષ્ટ માસમાં વૃષ્ટી તો થઇ, પછીથી કયાં ગયા દુઃખ તો દઇ,
અરરર શું થશે આગ-તે ખશે, વરસ કાળનું શી રીતે જશે;
શુકલ પક્ષમાં આવી તો ગયા, ત્યારપછી તમે બંધ તો થયા,
અરરર ના આવીયા ઉપાયથી હશે, વરસકાળનું શીરીતે જશે;
જગત થાકીયું ઉપાય તો કરી, તોયે ના આવીયા તે પછી ફરી,
અરરર આવડી રીસ શી હશે, વરસકાળનું શીરીતે જશે;
આવા દુઃખમાં ટાઢ બહુ પડી, જેથી કંઈ ઘાતી જીવ ગયા મરી,
અરરર આવડો વગળ્યા વશે, વરસકાળનું શીરીતે જશે;
જીવ બાપડા બે હાલ તો થયા, પણ તમે જરા ન લાવીયા દયા,
અરરર આજથી ટાંટીયા ગશે, વરસકાળનું શીરીતે જશે:
બગદ બાપડા દુઃખીયા થયા, કોસ તાણીને હોશ તો ગયા,
અરરર આગળે આથી શું થશે, વરસ કાળનું શીરીતે જશે;
પણ હવે પ્રભુ વાહાલ આણુંને, દયા ધરો કરો સુખી પ્રાણીને,
અરરર ઓ પ્રભુ, અપરાધ તો હશે, વરસકાળનું શીરીતે જશે.

રાગ ગરજે ગગનને મળતો.

કળીકાળમાં અરરર; (૨) ધ્રુજે છે પ્રાણીઓ થરરર:
બળે, ચીત્તમાં ચરરર; (૨) ધ્રુજે છે પ્રાણીઓ થરરર,
સાખી—થરથર સઉ ધ્રુજી રહ્યાં, દુઃખ દગ્યાની, માંય;
નીકળવા નઉકાનથી, રાખ્યું સાગર માંય,
વાગે ઝોળો તે છરરર (૨) ધ્રુજે છે પ્રાણીઓ થરરર;
બળે ચીતમાં ચરરર (૨) ધ્રુજે છે પ્રાણીઓ થરરર,
સાખી—ઉપાય પ્રભુ બહુ બહુ કરી, નઉકા સોધે, સહુ;

એવા હીંદુસ્તાનના, દુઃખમાં આવી મહુ,
દુઃખી દેખી તે અરરર (૨) ધ્રૂજે છે પ્રાંણીઓ થરરર;
બળે ચીત્તમાં ચરરર, (૨) ધ્રૂજે છે પ્રાંણીઓ થરરર.
સાખી—દયા ધરો દામોદરા કાળે કીધો કેર.
નૌકા નામે નાવડુ, નાખો આણી મેર.
પ્રભુ તારોને અરરર (૨) ધ્રુજે છે પ્રાણીઓ થરરર.
બળે ચીતમાં ચરરર. (૨) ધ્રુજે છે પ્રાણીઓ થરરર.

દક્ષણી રાહુની લાવણી.

અરરર ઓ પ્રભુ કાળે કીધો કેરરે.
અરરર હાય, કહી ન શકાય, પ્રજાળીલાય, જગતમાંય,
બાળ્યું કીધું વેરરે, અરરર ઓ ૧.
સુખનો નતુ શીવ વીશીમાં લગારરે,
પડયો કાળ; મારી ફાળ દુઃખ અપાર, દીધું આ વાર.
આણી અતી ઝેરરે અરરર ઓ ૨.
દુઃખમાં રહ્યા, માથે ઉગવાનાં ઝાડરે.
અરરર હાય, કહી ન શકાય, હવે શું થાય, કરોને સાય.
આણી પ્રભુ મેરરે. અરરર ઓ ૩.

રાગ આશાઓડી.

કળીયુગ આવ્યો જાણી, શીતા પતી, કળીયુગ આવ્યો જાણી. ટેક.
કળીયુગનાં કરીઆમણુ જોઈ
બેઠા બુદ્ધા, અવતાર આણી. શીતા ૧
પાપ પ્રગટ થયાં, છપ્પન સાલે.
શું સુતા સોડતાણી. શીતા ૨
રક્ષણ માટે રહ્યું ન કોઇ.
કાળે કીધું ધુળ ધાણી. શીતા ૩
દુઃખ તણા પ્રભુ ડુંગર દેખી.

થરથર ધ્રુજે છે પ્રાણી. શીતા ૪
ભુખ્યાને તરસ્યા, વરસ્યા વિના, મે,
કઇક મુવા એ એધાણી. શીતા ૫
સંવત ઓગણીસ, છપ્પન સાલે
સાંદો વદે છેક વાંણી. શીતા ૬

ગીતી.

વાણી દુર્બળ જાણી. આણી ઇશ્વર સાય કરો સારી;
દુઃખી દુનિયાં દેખી. અર્જ આજ પ્રભુ મેં ઉચારી.
સુખ કરતા સુખ કરશો દુઃખ હરશો દારૂણ આવારી.
શેવક જનની અરજી, ઉર ધરશો શ્રી નરવર મોરારી.

ગૌરક્ષક સારૂ.

અંતર બાહાર લાપીકા.

પાટણના નૃપ નથી તુજ મહેલે; પદમણી નારી. એ રાગ.
ગૌ, માતાનું દારૂણ દુઃખ દેખી અર્જ મેં ઉચ્ચારી;
ધર્મમાં ધાઓ આવારી; ગૌમાતા. ટેક.
ઘોરી, જાયા છે જેને, દારૂણ દુઃખ આવી પડયું તેને
શું સુખ કરતા સુત, સુખ કરશે. અરેરે આવારી;
જગતમાં ગાયો દુઃખીયારી; ગૌમાતા ૧
દુઃખમાં ભાગ કર્યા જેને, જગતમાં સાબાશ છે તેને
આ અવસર એ, મહા, દુઃખ પામી મરણ થઇ બારી'
હીંદુઓ ધર્મને ધારી. ગૌમાતા. ૨
શાસ્ત્રમાં જુવો પુજા કારી, દુધ, માખણ ઘી, દહી દેનારી;
વન વન ફરતી, તરણાં ચરતી, મરતીને મારી
આદરી બેઠા મોરારી. ગૌમાતા. ૩
હીંદુઓ દયા. દીલધારો, ગૌરક્ષક, કાજ સ્વીકારો;
અરરર આળગી ખરરર થાશે. ગાયો, આવારી.
અચકશો વધતરણી પારી. ગૌમાતા. ૪

હાડનાં પીંજરાં થઈ છે, છપ્પનમાં હદ વળી ગઈ છે.
સરરર સાચી, અરરર અરજી; ગાયો નિરાધારી.
હીંદુઓ ધર્મને ધારી. ગૈ માતા ૫

દોહરો.

નાગદ્રીપુર તણી રાંકડી, પ્રજા કરે પોકાર
ગૈ. માતાની વિનતી. ઉર ધરશો આધાર ૧
દુઃખીયારી દુર્બળ થઈ, હરિગુણને ગાય.
પ્રજા પોકારે, એટલું, કરશો ગૈ રક્ષાય ૨

બોધ.

રાગ. માહાડ.

દુઃખ ભંજન દેવા; માગુ છું સેવા;
શરણે રહેવા વરણું હું વારંવાર.
સુખ સાગર જાણી સારીંગ પાણી
ઉલટ આણી વરણું હું વારંવાર. ટેક.
વરણું વારંવારી હું તમને; યાદ કરૂં હમેશ.
ક્ષણું માત્ર વીસારૂં નહિ તમને;
રટતા નહિ ભુલું લેશરે. દુઃખ ૧
શુદ્ધ બુદ્ધ નરી, ઉભી અટારી; શ્રી અર્જુનને હાથ
દારૂણ યુદ્ધ કીધું બાણે રે
શંકરજીની સાથરે; દુઃખ ૨.
ગુણ ગણતાં હું પાર ન પામું નામું ચરણે શીશ
પુસ્તકની, પદ રચના માંહે
ગુન્હા, માગુ બક્ષીશરે.

સમાપ્ત.